# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>

આજ તારીખ.૩૧–૦૩–૨૦૨૧ને બુધવાર ના રોજ સાંજે ૦૪–૩૦ કલાકે ખંભાત નગરપાલિકા કચેરીના સભાખંડમાં પ્રમુખશ્રી કામીની હિરેનકુમાર ગાંધી ના અધ્યક્ષ સ્થાને ખાસ સામાન્ય સભા મળી હતી પ્રારંભમાં ઉપસ્થિત સદસ્યશ્રીઓની હાજરી રજીસ્ટરમાં સહી લેતા નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર છે.

<u>હાજર સભ્યશ્રી ઓ.</u>

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી | પ્રમુખશ્રી | હાજર |
| (૨) | શ્રી | મુમતાઝબાનુ અરશીદ શેખ (પેઈન્ટર) | સભ્યશ્રી | હાજર |
| (૪) | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | સભ્યશ્રી | હાજર |
| (૩) | શ્રી | દુધાભાઈ હિરાભાઈ રોહીત | સભ્યશ્રી | હાજર |
| (૫) | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા | સભ્યશ્રી | હાજર |
| (૬) | શ્રી | સુનીતાબેન રાજુભાઈ વાઘરી | સભ્યશ્રી | હાજર |
| (૭) | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય | સભ્યશ્રી | હાજર |
| (૮) | શ્રી | ધ્રુવકુમાર જીતુભાઈ પટેલ (અપ્પુ) | સભ્યશ્રી | હાજર |
| (૯) | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ | સભ્યશ્રી | હાજર |
| (૧૦) | શ્રી | તેજલબેન સાગરકુમાર સોલંકી | સભ્યશ્રી | હાજર |
| (૧૧) | શ્રી | સાવજસિંહ અજીતસિંહ ગોહીલ | સભ્યશ્રી | હાજર |
| (૧૨) | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા (પ્રકાશ) | સભ્યશ્રી | હાજર |
| (૧૩) | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા | સભ્યશ્રી | હાજર |
| (૧૪) | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ | સભ્યશ્રી | હાજર |
| (૧૫) | શ્રી | નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ (ગેસવાળા) | સભ્યશ્રી | હાજર |
| (૧૬) | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા | સભ્યશ્રી | હાજર |
| (૧૭) | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ | સભ્યશ્રી | હાજર |
| (૧૮) | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી | સભ્યશ્રી | હાજર |
| (૧૯) | શ્રી | કનૈયાલાલ મફતભાઈ રાણા (કાનજીભાઈ) | સભ્યશ્રી | હાજર |
| (૨૦) | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક | સભ્યશ્રી | હાજર |

| | | | | |
|---|---|---|---|---|
| (૨૧) | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા(પઠાણ) | સભ્યશ્રી | હાજર |
| (૨૨) | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તાર હુસેન યમની (વકીલ) | સભ્યશ્રી | હાજર |
| (૨૩) | શ્રી | એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ (એઝાઝબાપુ) | સભ્યશ્રી | હાજર |
| (૨૪) | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા | સભ્યશ્રી | હાજર |
| (૨૫) | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા (રાજુભાઈ ભગત) | સભ્યશ્રી | હાજર |
| (૨૬) | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ (ચંદનવાળા) | સભ્યશ્રી | હાજર |
| (૨૭) | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ | સભ્યશ્રી | હાજર |
| (૨૮) | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય | સભ્યશ્રી | હાજર |
| (૨૯) | શ્રી | દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર | સભ્યશ્રી | હાજર |
| (૩૦) | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ (ભુપતભાઈ) | સભ્યશ્રી | હાજર |
| (૩૧) | શ્રી | ગીતાબેન જતીનકુમાર રાણા | સભ્યશ્રી | હાજર |
| (૩૨) | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા | સભ્યશ્રી | હાજર |
| (૩૩) | શ્રી | જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા (બાલ્યો) | સભ્યશ્રી | હાજર |
| (૩૪) | શ્રી | શાંતિબેન ભુપતભાઈ માછી (ભજનવાળી) | સભ્યશ્રી | હાજર |

નીચે મુજબના સદસ્યશ્રીઓ પ્રમુખશ્રીને રજા રીપોર્ટ આપી ગેરહાજર રહેલ છે.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી | વિજયસિંહ (રાજભા) ચંદુભાઈ પરમાર | ઉપપ્રમુખશ્રી | ગેર હાજર |
| (૨) | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી | સભ્યશ્રી | ગેર હાજર |

હાજરી લીધા બાદ સભાનું કોરમ પુરૂ થયું હોઈ પ્રમુખશ્રી તરફથી તમામ સદસ્યશ્રીઓને આવકારીને સભાનું કામ કાજ શરૂ કર્યુ.

# ખંભાત નગરપાલિકા, ખંભાત

ગુજરાત રાજયના માનનીય પુર્વ મુખ્યમંત્રી શ્રી માધવસિંહ ફુલસિંહજી સોલંકી નું તારીખ. ૦૯–૦૧–૨૦૨૧ ના રોજ નિધન થયેલ તે અંગે શોક ઠરાવ.

## શોક ઠરાવ

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.૪૪ તારીખ.૩૧–૦૩–૨૦૨૧

આથી ઠરાવ કરવામાં આવે છે કે ગુજરાત રાજયના માનનીય પુર્વ મુખ્યમંત્રી શ્રી માધવસિંહ ફુલસિંહજી સોલંકી નું તારીખ.૦૯–૦૧–૨૦૨૧ના રોજ નિધન પર ઉડો શોક વ્યકત કરે છે જેઓ ગુજરાત રાજયની પ્રજાજનોના પ્રિય માનનીય શ્રી માધવસિંહ સોલંકી ના નિધન થી ગુજરાત રાજય ને પુરી ન શકાય તેવી ખોટ પડી છે.

જેઓનો જન્મ તારીખ.૩૦–૦૭–૧૯૨૭ ના રોજ પીલુદરા, બરોડા સ્ટેટ, બ્રિટીશ ઈન્ડીયામાં થયેલ છે. જેઓના પરિવારના મોભીના નિધનથી તેઓના પરિવારજનો ને દુઃખ સહન કરવાની શકિત આપે તેવી પરમ કૃપાળુ પરમાત્મા શાંતી અર્પે એજ અભ્યર્થના.

આ શોક ઠરાવ તેઓના પરિવાર જનોને મોકલી આપવા ચીફ ઓફીસરશ્રી ને અધિકૃત કરવામાં આવે છે.

સર્વાનુમતે મંજુર.

સહી. કામીનીબેન એચ. ગાંધી

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૧ તારીખ.૩૧–૦૩–૨૦૨૧

તારીખ. ૨૯–૧૦–૨૦૨૦ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૪૫ તારીખ.૩૧–૦૩–૨૦૨૧

એજન્ડા ક્રમાંક : ૧ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી નયનાબેન હેમંતભાઈ પ્રજાપતિ અને સદસ્યશ્રી જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

તારીખ. ૨૯–૧૦–૨૦૨૦ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવામાં આવે છે.

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબની સુધારા દરખાસ્ત સદસ્યશ્રી ચંદુભાઈ ભુરા–ભાઈ કડીયા ના ટેકા સાથે રજુ થઈ.

**સુધારો :–**

આ આઈટમ ૨૯–૧૦–૨૦ ના જ. બોર્ડનું પ્રોસીડીગ મંજુરી માટેનું છે પરંતુ તેમાં જે એ.ક.ઠ.નં.ના પાસ થયેલ છે તે ગુ. ન. પા. અધિનિયમ ૧૯૬૧ અને ખંભાત નગરપાલિકાના પેટા કાયદાઓનો ભંગ કરીને બીજો ઠરાવ ન થાય ત્યાં સુધી રોજમદારોની ભરતી કરેલ છે અને ભરતીના નિયમોનો ભંગ કરેલ છે તેથી આ પ્રોસેડીગ ના મંજુર કરવામાં આવે છે.

સુધારા દરખાસ્ત પર મતદાન લેતા

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | મુમતાઝબાનુ અરશીદ શેખ (પેઈન્ટર) | ૧ | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા |
| ૨ | શ્રી | દુધાભાઈ હિરાભાઈ રોહીત | ૨ | શ્રી | સુનીતાબેન રાજુભાઈ વાઘરી |
| ૩ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા | ૩ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય |
| ૪ | શ્રી | ધ્રુવકુમાર જીતુભાઈ પટેલ (અપ્પુ) | ૪ | શ્રી | તેજલબેન સાગરકુમાર સોલંકી |
| ૫ | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ | ૫ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ |
| ૬ | શ્રી | સાવજસિંહ અજીતસિંહ ગોહીલ | ૬ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા |
| ૭ | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા (પ્રકાશ) | ૭ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ |
| ૮ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા | ૮ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | શ્રી | નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ (ગેસવાળા) | ૯ | શ્રી | કનૈયાલાલ મફતભાઈ રાણા (કાનજીભાઈ) |
| ૧૦ | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક | ૧૦ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા |
| ૧૧ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા(પઠાણ) | ૧૧ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી |
| ૧૨ | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તારહુસેન ચમની (વકીલ) | ૧૨ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા (રાજુભાઈ ભગત) |
| ૧૩ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ (ચંદનવાળા) | ૧૩ | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ |
| ૧૪ | શ્રી | એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ (એઝાઝબાપુ) | ૧૪ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય |
| | | | ૧૫ | શ્રી | દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર |
| | | | ૧૬ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ (ભુપતભાઈ) |
| | | | ૧૭ | શ્રી | ગીતાબેન જતીનકુમાર રાણા |
| | | | ૧૮ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા |
| | | | ૧૯ | શ્રી | જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા (બાલ્યો) |
| | | | ૨૦ | શ્રી | શાંતિબેન ભુપતભાઈ માછી (ભજનવાળી) |

**સુધારા દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૧૪) વિરૂધ્ધમાં (૨૦) મત પડતાં સુધારા દરખાસ્ત ના મંજુર થાય છે.**

**મુળ દરખાસ્ત પર મતદાન લેતા**

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | ૧ | શ્રી | મુમતાઝબાનુ અરશીદ શેખ (પેઈન્ટર) |
| ૨ | શ્રી | સુનીતાબેન રાજુભાઈ વાઘરી | ૨ | શ્રી | દુધાભાઈ હિરાભાઈ રોહીત |
| ૩ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય | ૩ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા |
| ૪ | શ્રી | તેજલબેન સાગરકુમાર સોલંકી | ૪ | શ્રી | ધ્રુવકુમાર જીતુભાઈ પટેલ (અપ્પુ) |
| ૫ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ | ૫ | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ |
| ૬ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા | ૬ | શ્રી | સાવજસિંહ અજીતસિંહ ગોહીલ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ | ૭ | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા (પ્રકાશ) |
| ૮ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી | ૮ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા |
| ૯ | શ્રી | કનૈયાલાલ મફતભાઈ રાણા (કાનજીભાઈ) | ૯ | શ્રી | નીતીનભાઈ રૂધનાથજી બ્રહ્મભટ્ટ (ગેસવાળા) |
| ૧૦ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા | ૧૦ | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક |
| ૧૧ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી | ૧૧ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા(પઠાણ) |
| ૧૨ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા (રાજુભાઈ ભગત) | ૧૨ | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તારહુસેન યમની (વકીલ) |
| ૧૩ | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ | ૧૩ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ (ચંદનવાળા) |
| ૧૪ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય | ૧૪ | શ્રી | એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ (એઝાઝબાપુ) |
| ૧૫ | શ્રી | દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર | | | |
| ૧૬ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ (ભુપતભાઈ) | | | |
| ૧૭ | શ્રી | ગીતાબેન જતીનકુમાર રાણા | | | |
| ૧૮ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા | | | |
| ૧૯ | શ્રી | જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા (બાલ્યો) | | | |
| ૨૦ | શ્રી | શાંતિબેન ભુપતભાઈ માછી (ભજનવાળી) | | | |

**મુળ દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૨૦) વિરૂધ્ધમાં (૧૪) મત પડતાં મુળ દરખાસ્ત મંજુર થાય છે.**

**સહી. કામીની એચ. ગાંધી**

**પ્રમુખ**

**ખંભાત નગરપાલિકા, ખંભાત**

એજન્ડા ક્રમાંક : ૨ તારીખ.૩૧–૦૩–૨૦૨૧

ગુજરાત મ્યુની. એકટ ૧૯૬૩ ની કલમ ૭૬(૨) પેરા નં.૨ મુજબ ખંભાત નગર–પાલિકાના તારીખ.૦૧–૧૦–૨૦૨૦ થી તારીખ.૩૧–૧૨–૨૦૨૦ સુધીના ત્રિમાસીક હિસાબો મંજુર કરવા બાબત.

જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૪૬ તારીખ.૩૧–૦૩–૨૦૨૧

એજન્ડા ક્રમાંક : ૨ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ તરફથી અને સદસ્યશ્રી ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

ગુજરાત મ્યુની. એકટ ૧૯૬૩ ની કલમ ૭૬(૨) પેરા નં.૨ મુજબ ખંભાત નગર–પાલિકાના તારીખ.૦૧–૧૦–૨૦૨૦ થી તારીખ.૩૧–૧૨–૨૦૨૦ સુધીના ત્રિમાસીક હિસાબો મંજુર કરવામાં આવે છે.

ઓકટોબર–૨૦૨૦ થી ડીસેમ્બર–૨૦૨૦ સુધીના હિસાબો

| ક્રમ | વિગત | રકમ |
|---|---|---|
| ૧ | તારીખ.૦૧–૧૦–૨૦૨૦ની ઉઘડતી સિલક | ૧૮૬૨૧૯૯૬૮.૮૦ |
| ૨ | તારીખ.૦૧–૧૦–૨૦૨૦ થી તારીખ. ૩૧–૧૨–૨૦૨૦ સુધીની કુલ આવક | ૨૩૮૮૦૨૯૧૮.૦૦ |
| ૩ | તારીખ.૦૧–૧૦–૨૦૨૦ થી ૩૧–૧૨–૨૦૨૦ સુધીની કુલ જાવક | ૩૦૦૫૯૧૦૩૩.૦૦ |
| ૪ | તારીખ.૩૧–૧૨–૨૦૨૦ની બંધ સિલક | ૧૨૪૪૩૧૮૫૩.૮૦ |

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી ઈફતેખારહુસેન મુખ્તારહુસેન યમની (વકીલ) તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબની સુધારા દરખાસ્ત સદસ્યશ્રી સાવજસિંહ અજીતસિંહ ગોહીલ ના ટેકા સાથે રજુ થઈ.

સુધારો :–

ગુજરાત મ્યુની. એકટ ૧૯૬૩ ની કલમ ૭૬(૨) મુજબ ખંભાત નગરપાલિકાના તા.૧/૧૦/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ સુધીના ત્રીમાસીક હિસાબો મંજુર કરવા બાબત.

તે અનુસંધાને

અત્રેની સામાન્ય સભામાં ત્રિમાસીક હિસાબો મંજુર કરવા તેમજ તેને બહાલી આપવા માટે સામાન્ય સભામાં લાવવામાં અને રજુ રાખવામાં આવેલ છે પરંતુ ઉપરોકત હિસાબોની 'તારીજ' વાંચતા સ્પષ્ટ રીતે ફલીત થાય છે કે ત્રીમાસીક હિસાબોની આંકડાકીય માહીતી શંકાસ્પદ અસ્પષ્ટ ગોટાળાવાળી તેમજ આંકડાકીય માયાજાળ તેમજ અસંભવિત ખર્ચાઓની ભરમાર જોવા મળી રહેલ છે. ફકત આવક જાવકના હિસાબોનો સરવાળો એક યા બીજી

રીતે સમતોલ કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહેલ છે. માનવામાં ન આવે અને વિશ્વાસ ન કરી શકાય તેવા વિશાળ અને તોતીગ ખર્ચાઓની ભરમાર જોવા મળી રહેલ છે.

છેલ્લા કેટલાંક સમયથી ખંભાત નગરપાલિકાનો મહેકમ ૮૫% ઉપરાંતનો છે ખાનગી પેઢીની જેમ બેફામ ખર્ચાઓ કરવામાં આવી રહેલ છે. પ્રજાના ટેક્ષના નાણાં તેમજ ગ્રાન્ટના રૂપીયા મનફાવે એ રીતે વાપરી વેળફવામાં આવી રહયા છે. દરેક નગરપાલિકાનો વહીવટ સુદ્રઢ કાર્યશ્રમ અને કરકસર યુકત હોવો જોઈએ પરંતુ ત્રીમાસીક હિસાબની "તારીજ" નો ઝીણવટ ભર્યો અભ્યાસ કરવામાં આવે તો માની ન શકાય, કલ્પી ન શકાય તેવા અસહય, બીન જરૂરી અતીષયોકતીથી ભરેલા ખર્ચાઓની હારમાળા દર્શાવવામાં આવેલી છે જે – સામાન્ય માનવીના ગળે ઉતરી શકે તેમ નથી જેની યોગ્ય અને ન્યાયી નિષપક્ષ તપાસ થવી જરૂરી છે.

(૧) વકીલાત ફી રૂા.૩૯,૦૦૦/– દર્શાવવામાં આવેલી છે. હાલ કોરોના કાળમાં ના. કોર્ટો બંધ છે. કેસો ચાલતા નથી અને તારીજ પ્રમાણેના ત્રણ માસ દરમ્યાન કોઈ મહત્વનો કેસ ચાલ્યો હોય એવું સ્પષ્ટ નથી છતાં પણ ઉપરોકત રકમ ફી પેટે ચુકવવામાં આવી તે ખરેખર આશ્ચર્યની બાબત છે.

(૪) જાહેરાત ખર્ચ રૂા.૯૨,૪૭૯.૦૦
વધારે પડતો માની ન શકાય તેવ અધધ ત્રણ મહીનાનો ખર્ચ કરવામાં આવ્યો તેવી કોઈ મહત્વની અને અત્યંત જરૂરી જાહેરાતો ત્રણ મહીનામાં આપવામાં આવી કે આટલો માતબર રકમનો ખર્ચ જાહેરાત પાછળ કરવો પડયો.

(૯) ઝેરોક્ષ / ફેકસ ખર્ચ રૂા.૫૮,૭૮૪.૦૦
આટલા રૂપીયામાં અથવા થોડા રૂપીયા ઉમેરીને નગરપાલિકામાં પોતાનું ઝેરોક્ષ મશીન વસાવી શકે પણ એવો પ્રયાસ કરવાને બદલે પ્રજાના નાણાં વેડફવામાં આવી રહયા છે.

(૧૨) જનરલ ઓફીસ મેન્ટેનન્સ રૂા.૩૦,૮૯૮.૦૦

(૧૩) પરચુરણ ખર્ચ રૂા. ૧,૫૮,૮૫૮.૦૦
ંત્રણ મહીનામાં ઉપરોકત તોતીંગ ખર્ચા ખરેખર આશ્ચર્યજનક છે. જનરલ ઓફીસ મેન્ટેનન્સના મથાળા હેઠળ તેમજ પરચુરણ ખર્ચના મથાળા હેઠળ કરવામાં આવી રહેલો ખર્ચ સામાન્ય સભાની આંખોમાં ધુળ નાંખવા બરાબર છે અને આવો – પરચુરણ ખર્ચ તારીજમાં ત્રણ થી ચાર વાર દર્શાવવામાં આવેલ છે જે કયારેય પણ માની શકાય તેમ નથી. સ્પષ્ટ રીતે દાળમાં કંઈ કાળુ જણાઈ આવે છે અને પોતાના અંગત સ્વાર્થ સાધવાનો હેતુ બળ લાવવાનો નિરર્થક પ્રયાસ કર્યો હોવાનું સ્પષ્ટરીતે માલુમ પડે છે.

(બી–૧) અન્ય આવકો.

ના  મથાળા હેઠળ કોલમ નં.૨૨ માં સીટી બસની આવક રૂા.૧૬,૯૮૦.૦૦ દર્શાવવામાં આવેલ છે જેની સામે જાવકના મથાળા હેઠળ "સીટી બસ ડીઝલ ખર્ચ" રૂા.૬૧,૦૩૬.૦૦ દર્શાવવામાં આવેલો છે. આ ત્રણ મહીનાની આવક જાવક છે. છેલ્લા ધણાં સમયથી કોરોના મહામારીના કારણે તેમજ મુસાફરો મલતા ન હોવાથી સીટી બસ બંધ પડી રહેલ છે અને જો સીટી બસ ફેરવવામાં આવી તો કયાં – ફેરવવામાં આવી ?રૂા.૬૧,૦૦૦/– જેટલી માતબર રકમનું ડીઝલ કયાં વપરાયુ ? અને રૂા.૬૧,૦૦૦.૦૦ના વપરાશની સામે નગરપાલિકાને ફકત રૂા.૧૬,૦૦૦/– જેટલી જ આવક થઈ ? ખરેખર વહીવટ જબરો કહેવાય. આટલી માતબર રકમનું ડીઝલ કયાં વપરાયુ અને ત્રણ મહીનાની આવક આટલી ઓછી કેમ? તેની યોગ્ય અને નિષ્પક્ષ ન્યાયી તપાસ જરૂરી છે. ઉપરાંત તારીજમાં સીટી બસના કન્ડકટર ડ્રાઈવરનો પગાર તેમજ બીજા મેન્ટેનન્સ ઉમેરવામાં આવે તો નગરપાલિકાના ભાગે મીંડુ આવક થાય. આ કઈ જાતનો વહીવટ છે.

સીટી બસની લોગબુક ચેક કરવામાં આવે તો વાસ્તવિકતાનો કયાસ કાઢી શકાય. માનવ સહજ રીતે આ હીસાબ કોઈના ગળે ઉતરે તેમ નથી. હીસાબમાં ગોટાળા કરવામાં આવ્યા છે જેની ન્યાયી નિષ્પક્ષ તપાસ પ્રજાના હીતમાં થવી ખુબ જ જરૂરી છે જેના ધ્વારા ભ્રષ્ટ્રાચારની શકયતા નકારી શકાય.

આજ રીતે ત્રીમાસીક હીસાબોની "તારીજ" માં જુદા જુદા મથાળા હેઠળ

| | | |
|---|---|---|
| (૧) | ઈ.ગર્વનન્સ કોમ્પ્યુટર કોન્ટ્રાકટર ખર્ચ | ૧૩,૨૭,૫૬૨/– |
| (૨) | કોમ્પ્યુટર રીપેરીગ /મેન્ટેનન્સ ખર્ચ | ૧,૨૧,૪૨૦/– |
| (૩) | કોમ્પ્યુટર કોન્ટ્રાકટ ખર્ચ | ૨,૬૭,૨૦૦/– |
| (૪) | ટરબાઈન મોટર પંપ એન્જી.રીપેરીગ | ૫,૨૩,૮૦૫/– |
| (૫) | માલ સામાન ખરીદી પી.વી.સી. પાઈપ | ૨,૨૪,૮૦૬/– |
| (૬) | મંડ પંપ ડ્રેનેજ કોન્ટ્રાકટ | ૯,૧૫,૯૬૯/– |
| (૭) | ગંદા પાણીના નિકાલનો ખર્ચ (ડ્રેનેજ) | ૨૬,૬૭,૨૫૪/– |
| (૮) | પરચુરણ ખર્ચ | ૧૦,૦૦૦/– |
| (૯) | માલ સામાન ખરીદી (જંતુનાશક દવાઓ) | ૨,૬૬,૯૨૦/– |
| (૧૦) | જે.સી.બી.ખર્ચ | ૫,૨૫,૨૩૮/– |
| (૧૧) | ડીઝલ ખર્ચ | ૭,૨૯,૮૯૦/– |

ઉપરોકત ખર્ચાઓ દર્શાવવામાં આવેલા છે જે ધણાં જ વધારે પડતા માની ન શકાય ગળે ઉતારી ન શકાય તેવા છે અને વ્યકિતગત સ્વાર્થની ભાવનાને મહત્વ આપવામાં આવેલાનું સ્પષ્ટ ફલીત થાય છે.

આમ ઉપરોકત તારીજ જોતા કયાંક નહીં પણ વધારે પડતા ખર્ચાઓમાં અતીક્ષયોકિત જોવા મળી રહેલ છે. તારીજમાં આંકડાકીય માયાજાળ પાથરવામાં આવી રહેલાનું સ્પષ્ટ દેખાઈ આવે છે જેથી ઉપરોકત બાબતે ''હીસાબોની નિષપક્ષ અને ન્યાયી'' તપાસ થવી જરૂરી અને પ્રજાના હીતમાં છે.

આમ આથી સુધારા દરખાસ્ત મુકવામાં આવે છે કે,

ઉપરોકત ત્રીમાસીક હીસાબોની ''તારીજ'' શંકાસ્પદ ગોટાળાવાળી વ્યકિતગત સ્વાર્થ સાંધવાનો એક માત્ર હેતુ બળ લાવવાવાળી અતીક્ષયોકિતથી ભરેલી તેમજ આંકડાકીય માયાજાળ વાળી અસ્પષ્ટ શંકાસ્પષ્દ હોઈ તેની યોગ્ય, નિષપક્ષ અને ન્યાયી તપાસ થવી જરૂરી છે અને જયાં સુધી ઉપરોકત હીસાબોની ન્યાયી યોગ્ય અને નિષપક્ષ તપાસ કરવામાં ન આવે ત્યાં સુધી ઉપરોકત એજન્ડા ક્રમાંક આઈટમ નં.ર ત્રિમાસીક હીસાબો મંજુરી માટે આજ રોજ સામાન્ય સભામાં લાવવામાં આવલ છે તે ન્યાયી નિષપક્ષ યોગ્ય તપાસ થતાં સુધી મુલત્વી યાને સ્થગિત કરવા દરખાસ્ત રજુ રાખવામાં આવે છે અને તે મુજબ વર્તવા ઠરાવવામાં આવે છે.

આ સુધારા દરખાસ્ત કોઈ જનહિત કાર્યનો વિરોધ કરતી નથી પરંતુ પ્રજાલક્ષી કાર્યોને અગ્રતાક્રમે તેમજ પ્રાથમિકતના ધોરણે હલ કરવા તેમજ ઉપરોત હીસાબ ત્રિમાસીક હીસાબોની નિષપક્ષ યોગ્ય ન્યાયીક તપાસ કરવા કરવામાં આવેલ છે.

સુધારા દરખાસ્ત પર મતદાન લેતા

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | મુમતાઝબાનુ અરશીદ શેખ (પેઈન્ટર) | ૧ | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા |
| ૨ | શ્રી | દુધાભાઈ હિરાભાઈ રોહીત | ૨ | શ્રી | સુનીતાબેન રાજુભાઈ વાધરી |
| ૩ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા | ૩ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય |
| ૪ | શ્રી | ધ્રુવકુમાર જીતુભાઈ પટેલ (અપ્પુ) | ૪ | શ્રી | તેજલબેન સાગરકુમાર સોલંકી |
| ૫ | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ | ૫ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ |
| ૬ | શ્રી | સાવજસિંહ અજીતસિંહ ગોહીલ | ૬ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા |
| ૭ | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા (પ્રકાશ) | ૭ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ |
| ૮ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા | ૮ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી |
| ૯ | શ્રી | નીતીનભાઈ રૂધનાથજી બ્રહ્મભટ્ટ (ગેસવાળા) | ૯ | શ્રી | કનૈયાલાલ મફતભાઈ રાણા (કાનજીભાઈ) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦ | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક | ૧૦ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા |
| ૧૧ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા(પઠાણ) | ૧૧ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી |
| ૧૨ | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તારહુસેન યમની (વકીલ) | ૧૨ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા (રાજુભાઈ ભગત) |
| ૧૩ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ (ચંદનવાળા) | ૧૩ | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ |
| | | | ૧૪ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય |
| તટસ્થ | | | ૧૫ | શ્રી | દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર |
| ૧ | શ્રી | એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ (એઝાઝબાપુ) | ૧૬ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ (ભુપતભાઈ) |
| | | | ૧૭ | શ્રી | ગીતાબેન જતીનકુમાર રાણા |
| | | | ૧૮ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા |
| | | | ૧૯ | શ્રી | જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા (બાલ્યો) |
| | | | ૨૦ | શ્રી | શાંતિબેન ભુપતભાઈ માછી (ભજનવાળી) |

**સુધારા દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૧૩) તટસ્થમાં (૧) વિરૂધ્ધમાં (૨૦) મત પડતાં સુધારા દરખાસ્ત ના મંજુર થાય છે.**

**મુળ દરખાસ્ત પર મતદાન લેતા**

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | ૧ | શ્રી | મુમતાઝબાનુ અરશીદ શેખ (પેઈન્ટર) |
| ૨ | શ્રી | સુનીતાબેન રાજુભાઈ વાઘરી | ૨ | શ્રી | દુધાભાઈ હિરાભાઈ રોહીત |
| ૩ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય | ૩ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા |
| ૪ | શ્રી | તેજલબેન સાગરકુમાર સોલંકી | ૪ | શ્રી | ધ્રુવકુમાર જીતુભાઈ પટેલ (અપ્પુ) |
| ૫ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ | ૫ | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ |
| ૬ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા | ૬ | શ્રી | સાવજસિંહ અજીતસિંહ ગોહીલ |
| ૭ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ | ૭ | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા (પ્રકાશ) |
| ૮ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી | ૮ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા |
| ૯ | શ્રી | કનૈયાલાલ મફતભાઈ રાણા (કાનજીભાઈ) | ૯ | શ્રી | નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ (ગેસવાળા) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા | ૧૦ | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક |
| ૧૧ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી | ૧૧ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા(પઠાણ) |
| ૧૨ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા (રાજુભાઈ ભગત) | ૧૨ | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તારહુસેન ચમની (વકીલ) |
| ૧૩ | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ | ૧૩ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ (ચંદનવાળા) |
| ૧૪ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય | | | |
| ૧૫ | શ્રી | દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર | | **તટસ્થ** | |
| ૧૬ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ (ભુપતભાઈ) | ૧ | શ્રી | એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ (એઝાઝબાપુ) |
| ૧૭ | શ્રી | ગીતાબેન જતીનકુમાર રાણા | | | |
| ૧૮ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા | | | |
| ૧૯ | શ્રી | જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા (બાલ્યો) | | | |
| ૨૦ | શ્રી | શાંતિબેન ભુપતભાઈ માછી (ભજનવાળી) | | | |

**મુળ દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૨૦) વિરૂધ્ધમાં (૧૩) અને તટસ્થમાં (૧) મત પડતાં મુળ દરખાસ્ત મંજુર થાય છે.**

**સહી. કામીની એચ. ગાંધી**

**પ્રમુખ**

**ખંભાત નગરપાલિકા, ખંભાત**

એજન્ડા ક્રમાંક : ૩ તારીખ. ૩૧–૦૩–૨૦૨૧

ખંભાત નગરપાલિકાનું સને.૨૦૨૧–૨૦૨૨ ના નાણાંકીય વર્ષ માટે નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૭૬ (૧) મુજબ વર્ષ ૨૦૨૦–૨૦૨૧ના એપ્રિલ ૨૦૨૦ થી ડીસેમ્બર ૨૦૨૦ સુધીના ખરેખર આવક અને ખર્ચ તથા જાન્યુઆરી–૨૦૨૧ થી માર્ચ–૨૦૨૧ સુધીના સંભવિત આવક અને ખર્ચના અંદાજ પત્ર વંચાણમાં લઈ વર્ષ ૨૦૨૧–૨૦૨૨ નું અંદાજ પત્ર મંજુર કરવા બાબત.

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૪૭ તારીખ.૩૧–૦૩–૨૦૨૧

એજન્ડા ક્રમાંક : ૩ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી રાજેશભાઈ ગુણવંતલાલ રાણા તરફથી અને સદસ્યશ્રી મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાયના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

આજ રોજ તારીખ.૩૧–૦૩–૨૦૨૧ના ખંભાત નગરપાલિકાની મળેલ ખાસ સામાન્ય સભા ઠરાવે છે કે ખંભાત નગરપાલિકાનું સને.૨૦૨૧–૨૦૨૨ના નાણાંકીય વર્ષ માટે વર્ષ ૨૦૨૦–૨૦૨૧ના એપ્રિલ ૨૦૨૦ થી ડીસેમ્બર–૨૦૨૦ સુધીના ખરેખર આવક અને ખર્ચ તથા જાન્યુઆરી–૨૦૨૧ થી માર્ચ–૨૦૨૧ સુધીના સંભવિત આવક અને ખર્ચના અંદાજ પત્ર વંચાણમાં લઈ વર્ષ ૨૦૨૧–૨૦૨૨ નું અંદાજ પત્ર મંજુર કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, તથા આજની આ જનરલ સભામાં ઉપસ્થિત એવા મારા કાઉન્સીલર ભાઈઓ તથા બહેનો.

ખંભાત નગરપાલિકાનું આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૦૨૨ નું અંદાજપત્ર આપ સૌ ની સમક્ષ મુકતા હર્ષ અને લાગણી અનભવું છું

આગામી વર્ષ એપ્રીલ–૨૦૨૧ થી શરૂ થતા નવા વર્ષની રૂપરેખા આપુ તે પહેલા જાન્યુઆરી ૨૦૨૧ થી માર્ચ ૨૦૨૧ સુધીના સંભવીત આવક અને ખર્ચના અંદાજો સાથેના રેવન્યુ બજેટ અને કેપીટલ બજેટ જે આ બોર્ડ સમક્ષ પ્રસ્તુત કરીએ છીએ.

સદરહું બજેટમાં સમાવિષ્ટ મહત્વની કડીઓની કેડીઓ કંડારવા અને ખંભાત શહેર અને તેમાં રહેતા પ્રજાજનોની સુખાકારી અને શહેરના વિકાસની જે પડતર રહેલ બાબતો જેવી કે......

ખંભાત શહેરમાં રહેતી વિધવા બહેનો માટે અગાઉના વર્ષ થી આપવામાં આવેલ સપૂર્ણ ટેક્ષ માફી આપવા અંગે તેઓના ટેક્ષ બીલમાં સંપૂર્ણ માફી આપવા આગામી વર્ષમાં પણ તે ટેક્ષ માફી આપવા નકકી કરવામાં આવે છે. તેમાં જે લોકોને આ લાભ મળવાપાત્ર હોય તેઓ ધ્વારા નગરપાલિકા માં નિયમઅનુંસાર અરજી કરેથી તેઓને પણ માફી આપવામાં આવશે તેમ ઠરાવવામાં આવશે.

ખંભાત શહેરની જનતાને અનેક યોજનાનો લાભ લેવા માટે નગરપાલિકા ના આવક દાખલાની જરૂરીયાત રહેતી હોવાથી આ આવકના દાખલાની ફી રૂા.૨૫/– લઈ ને આપવામાં આવતી હતી જે આગામી વર્ષ ૨૦૨૧–૨૦૨૨ થી આવક દાખલા ફી રૂા.૧૫/– કરવામાં આવે છે.

વર્ષ : ૨૦૨૧–૨૨ માટે રૂા.૨૫,૩૦,૮૧,૦૦૦/– એકે રૂપીયા પચ્ચીસ કરોડ ત્રીસ લાખ એકયાસી હજાર પુરા રેવન્યુ આવક અંદાજવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧ | કુલ ટેક્ષની આવક | ૭૬૫૬૦૦૦૦.૦૦ |
| ૨ | ભાડાની કુલ આવક | ૮૩૫૦૦૦૦.૦૦ |
| ૩ | અન્ય આવક | ૧૪૯૪૦૦૦૦.૦૦ |
| ૪ | ફી ની કુલ આવક | ૧૮૮૮૩૦૦૦.૦૦ |
| ૫ | ખાસ અધિનિયમની આવક | ૧૧૦૩૦૦૦.૦૦ |
| ૬ | વ્યાજ આવક ભંડોળ | ૧૨૦૦૦૦૦૦.૦૦ |
| ૭ | કુલ અન્ય આવકો | ૩૧૨૪૫૦૦૦.૦૦ |
| ૮ | સહાયક અનુદાન (મહેકમ) | ૯૦૦૦૦૦૦૦.૦૦ |
| | કુલ રેવન્યુ આવક | ૨૫૩૦૮૧૦૦૦.૦૦ |

તેની સામે વર્ષ : ૨૦૨૦–૨૧ માટે રૂા.૨૫,૧૩,૩૩,૦૦૧/– એકે રૂપીયા પચ્ચીસ કરોડ તેર લાખ તેત્રીસ હજાર એક પુરાની રેવન્યુ જાવક અંદાજવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧ | અ. આ. સેવા સિવાયનું મહેકમનો ખર્ચ | ૭૪૭૦૦૦૦૦.૦૦ |
| ૨ | અન્ય લાભો | ૧૩૯૨૦૦૦૦.૦૦ |
| ૩ | વહીવટી ખર્ચ | ૧૬૮૩૫૫૦૧.૦૦ |
| ૪ | પાણી પુરવઠા ખર્ચ | ૪૬૬૦૦૦૦૦.૦૦ |
| ૫ | ગંદાપાણીના નિકાલનો ખર્ચ (ડ્રેનેજ) | ૧૪૪૬૫૦૦૦.૦૦ |
| ૬ | સફાઈ ખર્ચ | ૫૫૨૭૫૦૦૦.૦૦ |
| ૭ | વરસાદી પાણી નિકાલ | ૧૦૦૦૦૦૦.૦૦ |
| ૮ | જાહેર દિવાબત્તી ખર્ચ | ૭૬૫૦૦૦૦.૦૦ |
| ૯ | રસ્તા / બાંધકામ ખર્ચ | ૮૯૨૫૦૦૦.૦૦ |
| ૧૦ | અન્ય સેવાઓનો ખર્ચ | ૧૧૯૬૨૫૦૦.૦૦ |
| | કુલ રેવન્યુ જાવક | ૨૫૧૩૩૩૦૦૧.૦૦ |

આમ રેવન્યુ આવક જાવકના બજેટ માં રૂા. ૧૭,૪૭,૯૯૯/– અંકે રૂપીયા સતરલાખ સુડતાલીસ હજાર નવસૌ નવ્વાણું પુરા ની પૂરાંત દર્શાવવામાં આવેલ છે. જે નગરના આયોજનમાં નગરપાલિકા ધ્વારા કરવામાં આવનાર વિવેક બુધ્ધિ અનુસાર અને કરકસર યુકત પગલાઓના ફળ સ્વરૂપે પુરાંત વાળુ બજેટ રજુ કરતા હર્ષ ઉલ્લાસ અને આનંદ ની લાગણી અનુભવું છુ.

દિવસે દિવસે શહેરી કરણ વધવાનું છે. શહેરની હદોનો વ્યાપ અને વિસ્તરણ થવાનું જ છે. નવા બાંધકામ અને નવી સોસાયટીયોનું સર્જન થવાનું છે.

આમ પ્રાથમીક સુવિધાઓ આપવાનો વ્યાપ પણ વધવાનો છે.

અમો ....ભવિષ્યની આપવાની જરૂરીયાતો નો દુરંદેશી ખ્યાલ આ બજેટમાં કરેલો છે. સરળતાથી સેવાઓ મળી રહે અને સમસ્યાઓ તુરત હલ થાય અને નાગરીકોને વધુ સરળતા રહે તે માટે અનેક જોગવાઈઓ આ બજેટમાં કરવામાં આવેલ છે.

આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૨ માં નગરપાલિમાં ઉચ્ચક ફીકસ પગાર થી

ગુજરાત સરકારશ્રીની વિવિધ યોજનાઓ હેઠળ વિકાસ લક્ષી કામો સમગ્ર ગામના મુખ્ય રસ્તાઓ, અંદરના આર.સી.સી. ડામરના રસ્તાઓ બનાવી વિકાસની એક ઝલક પ્રજાને આપેલ છે. તેનાથી સમગ્ર પ્રજામાં એક ખુશીની લહેર જોવા મળેલ છે અને તેમાંથી ઘણા ખરા કામો પુર્ણ થયેલ છે અને બાકીના કામો હાલ પ્રગતિમાં છે અને તે જરૂરી સમય મર્યાદામાં પુર્ણ થાય તેમાં પણ નગરપાલિકાના શાસકોનો આગોતરૂ આયોજન છે. ખંભાત શહેરની કાયાપલટ એ અમારૂ મીશન છે અને સર્વાંગી વિકાસ થાય તે માટે અમારો અથાગ પ્રયત્ન રેહેશે. આ ભગીરથ કાર્ય માટે આપ સૌનો સહકાર અમોને મળતો રહે છે તે માટે અમો આપના ઋણી છીએ.

ખંભાત નગરપાલિકા ધ્વારા શહેરની જનતા ને જે પાણી પુરવઠો પહોચાડવામાં આવે તેના વિજ બીલ નો વાર્ષીક ખર્ચ અંદાજીત બે કરોડ પચાસ લાખ થાય છે. આમ સદર ખર્ચ ને પોહચીવળવા માટે આગામી વર્ષ પંદરમાં નાણાપંચ ગ્રાન્ટ માથી સૂર્ય ઉર્જા રૂફટોપ યોજના ધ્વારા સોલાર પેનલ નાખવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના લીધે નગરપાલિકાની આર્થિક પરિસ્થિતીમાં સુધારો કરી શકાય છે.

ખંભાતમાં વિકસીત વિસ્તાર તરીકે પાણીયારી મુકામે સ્વામી વિવેકાનદ ના સ્ટેચ્યુ ના સર્કલ નું રીનોવેશન ની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવે છે.

સ્ટેશનરોડની બાજુમાં આવેલ તિલક બાગમાં નવુ શોપીંગ કોમ્પલેક્ષ બનાવવાનું આયોજન પંદરમાં નાણાપંચ ની ગ્રાન્ટમાંથી કરવામાં આવેલ છે.

માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ ના વરદ હસ્તે દરીયાના વિવિધ નવા કામો જેમા (૧) ગેબીયન પ્રોટેકશન મેટ્રસ વોલ બનાવવાનું કામ (૨) દરીયે કમ્પાઉન્ડ વોલ ટોયલેટ બ્લોક,પેવર બ્લોક (૩) દરીયે ડંકા પાસે ટોયલેટ બ્લોમ નુ કામ (૪) દરીયે ડંકે પાર્કિગ ની સુવિધા (૫) ડબલ્યુ બી.એમ.પાર્કિગ રોડ (૬) દુકાનોના એન્ટરન્સ પાસે સી.સી.રોડ (૭) વેજીટેબલ સ્ટોલ ઈસ્ટ–વેસ્ટ સાઈડ (૮) લેન્ડ સ્કેપીંગ / ચીલ્ડ્રન પ્લે એરીયા / ફાઉન્ટેન (૯) પેવર બ્લોક સી.સી.કરબીંગ સાથે (૧૦) નોનવેજ સ્ટોલ (૧૧) દરીયે ટોયલેટ બ્લોક (૧૨) વોટર સપ્લાયર્સ એન્ડ ડ્રેનેજ ફેસેલીટી (૧૩) ગાર્ડ એન્ડ પોલીસ રૂમ (૧૪) આર્ટીફિશીયલ પોન્ડ (૧૫) ડંકાથી અંદરના ભાગમાં રસ્તાનું કામ (૧૬) ઈલેકટ્રીફિકેશન ના તમામ કામનું ખાતમુહુર્ત કરવામાં આવેલ તે તમામ કામગીરી પૂર્ણ કરી માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ ના વરદ હસ્તે ઈ– લોકાર્પણ કરી નગરજનો ને તેનો લાભ આપવામાં આવેલ છે.અને વધુમાં આગામી વર્ષ પંદરમાં નાણાપંચની ગ્રાન્ટ માથી દરીયે સેહલાણીયો માટે બોટીંગનું આયોજન કરવામાં આવશે.

ખંભાત નગરપાલિકા ધ્વારા ખંભાત નગરપાલિકા ના વિસ્તારમાં વોર્ડ નંબર–૧ થી ૯ માં દરેક વોર્ડ વાઈઝ કોમ્યુનીટી હોલ બનાવવા ની કામગીરી અંગે નું ખાતમુર્હુત કરવામાં આવેલ છે. તેમાથી સાત વોર્ડ ના કોમ્યુનીટી હોલ ની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.અને બાકી રહેલ બે વોર્ડ ના કોમ્યુનીટી હોલ ની કામગીરી પ્રગતિમાં છે તે આગામી વર્ષ માં પૂર્ણ કરવામાં આવશે.

ખંભાત શહેરમાં આવેલ નવી શાકમાર્કેટ ની પાછળના ભાગમાં શાકમાર્કેટની દુકાનો જર્જરીત હાલતમાં હોય તેનું નવીની કરણની કામગીરી અંગે નું આયોજન કરવામાં આવે છે.

ખંભાત નગરપાલિકા શહીદબાગની પાણીની ટાંકી જુની થયેલ હોવાથી શહીદ બાગ વિસ્તારમાં દશ લાખ લીટરની પાણીટાંકી તથા તેને સંલગ્ન મશીનરી કનેકશન વિગેરેની કામગીરી સાથે નવી ટાકીં બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.અને આગામી વર્ષમાં પૂર્ણ કરી દેવામાં આવશે.

ખંભાત નગરપાલિકાની કચેરી નવાબ સાહેબના સમયથી કાર્યરત હોય ધણા વર્ષો થયેલ હોય ખંભાત નગરપાલિકા ભવન નું નવનિર્માણ કરવાનું આયોજન બે કરોડના ખર્ચે સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી યોજનામાં કરવામાં આવેલ છે.

માદળા તળાવ ખંભાત ને એક નવું નજરાણું આપવા માટે ગુજરાત સરકાર સમક્ષ સમગ્ર પ્રોસીઝરો પૂર્ણ કરી રૂા.ચાર કરોડ ઉપરાતંનો એસ્ટીમેન્ટ પ્લાન નકશા બનાવી રજુ કરેલ તેની સરકારશ્રી તરફથી મંજુરી મળી ગયેલ છે જે ખંભાત શહેર નું એક નજરાણું બની રહે,જે અંગે અમદાવાદ કાંકરીયા તળાવનું ડેવલોર્પીગ થયેલ છે તે રીતે અને તે કોન્સેપ્ટથી તથા ખંભાત નગરપાલિકા ધ્વારા માદળા બાગ ને નવપલવિત કરવામાં આવશે જેમાં જરૂરીયાતના તમામ રમત–ગમતના સાધનો સાથે તથા માદળા બાગની અંદર ના ફુવારાનું રીનોવેશન કરી માદળા તળાવમાં બોટીગની સુવિધા સાથે વિકસાવવાની કામગીરી પૂર્ણ કરી માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબના વરદ હસ્તે ઈ– લોકાર્પણ કરી નગરજનો ને તેનો લાભ આપવામાં આવેલ છે.

કેન્દ્ર સરકાર અને રાજય સરકારના સ્વચ્છતા અભીયાન અન્વયે ખંભાતના તમામ નગરજનો ની રહેણાક તથા બીન રહેણાંક મીલ્કત ધારક સુકો કચરો અને ભીનો કચરા માટે ૧૨ લીટરના નંગ–૨ ડસ્ટબીન તમામ ટેક્ષ ભરનાર વ્યકિતઓને વિતરણ કરવામાં આવેલ છે. અને બાકી રહેલા ને તે આપવામાં આવશે.

ખંભાત નગરપાલિકા ફાયર બ્રિગેડમાં અધતન સુવિધા મળીતે માટે વાયરલેશ સેટ અને હેન્ડસેટ,મીની રેસ્કયુ ટેન્ડર અને મીની ફાયર ટેન્ડર ખરીદવા અને પ્રજાની સેવા અર્થે મુકવા નકકી કરવામાં આવેલ છે.

ખંભાતના નગરજનો ને શારીરીક બિમારીથી ઘેરાયેલા હોય અને તેઓની આર્થીક સ્થિતિ નબળી હોય તેવા નગરના કોઈપણ નાગરીકને ગુજરાતની હદમાં કોઈ એમ્બ્યુલન્સ કે શબવાહીની લઈ જવાની થાય તો નિયમ મુજબ રકમ ભરપાઈ કરવાની હોય અને તેમાં તેઓની અરજી આવેથી નગરપાલિકા નકકી કરે તે રકમમાં માફી આપવાની જોગવાઈ મંજુર કરવામાં આવે છે.

ખંભાત શહેરીના નગરજનો ને શહેરી વિસ્તાર માટે એમ્બ્યુલન્સ,શબવાહીની વાન અને અંતિમ યાત્રા વાહનની સેવા ફી કરવામાં આવેલ છે અને આ અંગે બીજો કોઈ ઠરાવ ન થાય ત્યાં સુધી ચાલુ રહેશે.

વધુમાં નગરપાલિકાના ચુંટાયેલા તમામ ચાલુ / માજી સભ્યશ્રીઓને અને તેમના પત્ની,બાળકો તથા માતા–પિતા ને એમ્બ્યુલન્સ ની જરૂરીયાત ઉભી થાયતો વિના મુલ્યે ગુજરાત રાજયની હદમાં પોતાની સારવાર અર્થે જઈ શકશે. પરતું ગુજરાત બહાર જવાનું થાયતો હદની આગળ જવાના અને હદ સુધી પરત આવવાના પ્રતિ કિ.મી. દીઠ રૂા. ૮–૦૦ અંકે રૂપીયા આઠ પુરા લેખે વસુલ લેવાના રહેશે.બીજા કોઈપણ અન્ય ચાર્જીસ લાગુ પડશે નહી કે લેવાના રહેશે નહી. તેવી જ રીતે ખંભાત મત વિસ્તાર ધારાસભ્યશ્રી અને માજી ધારાસભ્યને પણ ઉપર મુજબનો લાભ આપવાનો રહેશે.તે મુજબનું બીજો અન્ય ઠરાવ ના થાય તે રીતે તારીખ.૦૧/૦૪/૨૦૧૮ થી અમલ માં આવે તે રીતે ઠરાવવામાં આવલે છે,તે પ્રમાણે અગામી વર્ષ ચાલુ રાખવાનું રહેશે.

આમ વર્ષ : ૨૦૨૧–૨૨ માટે કેપીટલ આવક રૂા.૩૨,૨૯,૩૫,૦૦૦/– અંકે રૂપીયા બત્રીસ કરોડ ઓગણત્રીસ લાખ પાત્રીસ હજાર પુરા અંદાજવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧ | સહાયક અનુદાન (વિકાસ ભંડોળ યોજના) | ૨૭૫૮૫૦૦૦.૦૦ |
| ૨ | વિકાસ યોજના (રાજય સરકાર) | ૧૩૦૪૦૦૦૦૦.૦૦ |
| ૩ | ખાસ હેતુ માટેની ગ્રાન્ટ (રાજય સરકાર) | ૩૩૨૫૦૦૦૦.૦૦ |
| ૪ | વિકાસ યોજના ( કેન્દ્ર સરકાર) | ૧૧૫૦૦૦૦૦૦.૦૦ |
| ૫ | સામુદાઈક વિકાસ યોજનાઓ | ૨૭૦૦૦૦૦.૦૦ |
| ૬ | વિકેન્દ્રીત જિલ્લા આયોજન | ૧૩૫૦૦૦૦૦.૦૦ |
| ૭ | રાજય તેમજ કેન્દ્ર સરકારમાં થી વિકાસ લક્ષી ગ્રાન્ટોમાંથી અન્ય વિકાસ લક્ષી કામો | ૫૦૦૦૦૦.૦૦ |
| | કુલ કેપીટલ આવક | ૩૨૨૯૩૫૦૦૦.૦૦ |

તેની સામે વર્ષ : ૨૦૨૧–૨૨ માટે ૩૧,૪૫,૩૫,૦૦૦/– અંકે રૂપીયા એકત્રીસ કરોડ પીસ્તાલીસ લાખ પાત્રીસ હજાર પુરાની કેપીટલ જાવક અંદાજવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧ | સહાયક અનુદાન (વિકાસ ભંડોળ યોજના) | ૨૫૧૮૫૦૦૦.૦૦ |
| ૨ | વિકાસ યોજના રાજય સરકાર | ૧૨૫૪૦૦૦૦૦.૦૦ |
| ૩ | ખાસ હેતુ માટેની ગ્રાન્ટ રાજય સરકાર | ૨૭૭૫૦૦૦૦.૦૦ |
| ૪ | વિકાસ યોજના કેન્દ્ર સરકાર | ૧૨૨૦૦૦૦૦૦.૦૦ |
| ૫ | સામુદાઈક વિકાસ યોજનાઓ | ૨૭૦૦૦૦૦.૦૦ |
| ૬ | વિકેન્દ્રીત જિલ્લા આયોજન | ૧૧૦૦૦૦૦૦.૦૦ |
| ૭ | રાજય સરકાર તેમજ કેન્દ્ર સરકારમાં થી વિકાસ લક્ષી ગ્રાન્ટોમાંથી અન્ય વિકાસ લક્ષી કામો | ૫૦૦૦૦૦.૦૦ |
| | કુલ કેપીટલ જાવક | ૩૧૪૫૩૫૦૦૦.૦૦ |

આમ કેપીટલ આવક જાવકના બજેટ માં રૂા. ૮૪,૦૦,૦૦૦/– અંકે રૂપીયા ચોરીયાસી લાખ પુરા ની પૂરાંત દર્શાવવામાં આવેલ છે.

ખંભાત નગરપાલિકા ની કુલ બજેટની આવક જાવક નીચે મુજબ છે.

| વિગત | આવક | જાવક |
|---|---|---|
| ગ્રાન્ટ આવકનો સરવાળો :– | ૩૨૨૯૩૫૦૦૦.૦૦ | ૩૧૪૫૩૫૦૦૦.૦૦ |
| રેવન્યુ આવકનો સરવાળો :– | ૨૫૩૦૮૧૦૦૦.૦૦ | ૨૫૧૩૩૩૦૦૧.૦૦ |
| દેવાઓ અને જવાબદારી :– | ૪૯૧૮૬૦૦૦.૦૦ | ૫૩૯૮૫૦૦૦.૦૦ |
| કુલ સરવાળો :– | ૬૨૫૨૦૨૦૦૦.૦૦ | ૬૧૯૮૫૩૦૦૧.૦૦ |

આમ ખંભાત નગરપાલિકા કુલ આવક જાવક ના બજેટમાં રૂા. ૫૩,૪૮,૯૯૯/– અંકે રૂપીયા તેપ્પનલાખ અડતાલીસ હજાર નવસૌ નવ્વાણું પુરાની પૂરાંત દર્શાવવામાં આવેલ છે.

મીત્રો,.... આ અમારો આ બજેટમાં રેવન્યુ અને કેપીટલ બજેટને સરળ રીતે પ્રસ્તુત કરવાનો નમ્ર પ્રયાસ છે અત્રેથી આપ સૌને ખાત્રી આપીએ છીએ કે આપણા સૌની તમામ તાકાત આ બજેટને યર્થાથ કરવા કામે લગાડી દઈશું સૌને ન્યાય મળે તે માટે સદા પ્રયત્નશીલ રહીશું જેથી કરીને આ શહેરના વિકાસ લક્ષી "સૌનો સાથ........સૌ નો વિકાસ" ની યુકિત સાર્થક થાય તે માટે ઉપરોકત તમામ બજેટમાં જણાવેલ વિગતો અંગે જે કોઈ કાર્યવાહી કરવાની થાય તે સંપૂર્ણ પણે કામ પૂર્ણ થાય ત્યાં સુધીની કાર્યવાહીઓ કરવા નગરપાલીકા પ્રમુખશ્રી , ચેરમેનશ્રી કારોબારી કમીટી, ચીફ ઓફીસર ને સંપૂર્ણ સત્તા આપવામાં આવે છે અને બજેટમાં જણાવેલ સુવિધાઓનો લાભ જેમ બને તેમ વહેલાસર પ્રજાજનો ને મળે તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે આ બજેટને સર્વાનુમતે મંજુર કરવા દરખાસ્ત કરૂ છું.

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબની સુધારા દરખાસ્ત સદસ્યશ્રી ખુશમનભાઈ શાંતીલાલ પટેલ ના ટેકા સાથે રજુ થઈ.

<u>સુધારો :–</u>

આ આઈટમ સને. ૨૦૨૧–૨૨ના વર્ષનું અંદાજ પત્ર મંજુરી માટેનું છે.

ચાલુ સાલના બજેટમાં જે આવક દર્શાવેલ છે તે કાલ્પનીક અને ગઈ સાલના આવકને ધ્યાનમાં રાખીને દર્શાવેલ છે. પરંતુ નગરપાલિકા જે ટેક્ષની આવક સને.૨૦૨૦–૨૧ માં થવી જોઈએ તે પ્રમાણે થયેલ નથી જેના ધણા કારણો છે. આ વર્ષની અંદર લોક ડાઉનને કારણે નાગરીકોની આવકમાં સતત ધટાડો થયેલ હતો અને ખંભાત શહેરમાં રોજગારી ન હોવાથી નાગરીકોને આર્થીક રીતે સહન કરવાનું આવેલ તેવા સમયે નગરપાલિકાએ સરકાર શ્રી પાસેથી ટેક્ષની અંદર, નોટીસ ફી, વોરંટ ફીમાં રાહત માટે મંજુરી મેળવેલ હોત તો

નાગરીકોને કોવીડ–૧૯ ના વર્ષમાં રાહત થાત પરંતુ સરકારશ્રી તરફથી કોવીડનું સ્પેશયલ પેકેજ મેળવી શકેલ નથી અને નાગરીકો પર ટેક્ષની વસુલાત માટે અત્યાચાર કરેલ છે અને સરકારશ્રીની મીલકતો જે ખંભાત શહેરમાં આવેલ છે દા.ત. મામલતદાર ઓફીસ, પંચાયત ઓફીસ જેવી સરકારશ્રીની મીલકતો પાસે ટેક્ષની વસુલાત નગરપાલિકા કરી શકેલ નથી અને નાગરીકોને ટેક્ષના નાણાં ભરવા માટે જબરજસ્તી કરેલ છે. તો હવે સાલુ સાલે ન.પાલિકાનો વહીવટ સારી રીતે કરવો હોય તો શરૂના વર્ષમાં સ્પેશ્યલ પેકેજ સરકારશ્રી પાસેથી મેળવી ટેક્ષના ૩૦ ટકા રાહત અને નોટીસ ફી, વોરંટ ફી માં રાહત આપીને આવક થઈ શકે.

અમારી પાસે તા.૧–૪–૨૦ થી ૩૧–૧૨–૨૦ સુધીના આવકના અને જાવકના આંકડા મળેલ છે તો તેના પરથી જોઈ શકાય છે કે નગરપાલિકાએ કોવીડના આ નવ – માસમાં ખર્ચ પર એટલે જાવક પર અંકુશ મુકેલ નથી તે આંકડા પરથી જોઈ શકાય છે.

તારીખ.૩૧–૧૨–૨૦ સુધીના ખર્ચની વિગત

| | | |
|---|---|---|
| | | રૂા. |
| (૧) | વકીલાત ફી | ૧,૦૦,૦૦૦ |
| (૨) | જાહેરાત ખર્ચ | ૧,૩૦,૬૭૬ |
| (૩) | સ્ટેશનરી | ૪,૮૯,૭૧૩ |
| (૪) | ઝેરોક્ષ ખર્ચ | ૯૩,૩૬૦ |
| (૫) | ટેલીફોન ખર્ચ | ૨,૬૯,૭૧૩ |
| (૬) | પ. ખર્ચ | ૭,૦૫,૨૬૬ |
| (૭) | સીટી બસ ડીઝલ ખર્ચ | ૮૨,૭૮૯ |
| (૮) | રોજમદારી | ૧,૨૨,૮૨,૭૪૨ |
| (૯) | જે.સી.બી. ખર્ચ | ૮,૬૯,૩૧૯ |
| (૧૦) | વીજળી કનેકશન ખર્ચ | ૨,૫૨,૨૯૪ |
| (૧૧) | ફાયર ખાતામાં ડીઝલ | ૬,૧૧,૪૫૯ |
| (૧૨) | સેનેટેશન ડીઝલ ખર્ચ | ૧૮,૦૮,૩૯૪ |
| (૧૩) | જંતુનાશક ખર્ચ | ૨,૫૮,૫૦૦ |

ઉપરોકત ખર્ચ જોતા ટેલીફોન ખર્ચ, ઝેરોક્ષ ખર્ચ, સીટી બસ ડીઝલ ખર્ચ, જે.સી.બી. ખર્ચ ફાયર ખાતામાં ડીઝલ, જાહેરાત ખર્ચ, નવ માસમાં ઘણો વધારે છે અને હજુ ૩ માસનો ખર્ચ ઉમેરવામાં આવે તો ખર્ચ ઘણો થઈ શકે માટે નગરપાલિકાએ ગુ.સરકાર ૧૯૬૩ના

બજેટના નિયમમાં જે જોગવાઈ કરેલ છે કે અંદાજીત ખર્ચ જે તે ખાતામાં મુકેલ હોય તેનાથી પાંચ ટકા જ અંદાજીત ખર્ચ થઈ શકે અને જો ખર્ચ અંદાજીત ખર્ચથી વધેલ હોય તો – ન.પાલિકાએ જ.બોર્ડમાં મંજુરી મેળવવી જોઈએ આમ બજેટના અંદાજીત ખર્ચથી વધારે ખર્ચ કરેલ છે તે નામંજુર કરવામાં આવે છે કારણે આપના સ્તરેથી આ મંજુરી મેળવેલ નથી આ માટે ખંભાત નગરપાલિકાના ચીફ ઓફીસરશ્રી અને ન.પાલિકામાં નીમાયેલ એકાઉન્ટ વિભાગે ધ્યાન દોરવું જોઈએ.

નગરપાલિકાએ રોજમદારીમાં ધણો જ ખર્ચ કરેલ છે પરંતુ સરકારશ્રી પાસે મહેકમ મંજુર કરાવીને જગ્યા એ જે ખાલી છે તે જગ્યાઓની મંજુરી મેળવી અને ન.પાલિકામાં ભરતી કરાવવી જોઈએ જેથી સરકારશ્રી તરફથી મહેકમ ખર્ચની ગ્રાંટ મેળવી શકાય.

નગરપાલિકાએ વિવિધ વિભાગમાં ઓફીસરમાં જે રોજમદારી રાખેલ છે તેમાં ઠરાવ કરેલ છે કે જયાં સુધી બીજો ઠરાવ ન થાય ત્યાં સુધી આ રોજદારી વ્યકિતઓ ઉચ્ચક વેતનથી કામ કરી શકશે આવો નિયમ સરકારની ભરતી નિયમોમાં છે કે નહી જો આ રીતે ભરતી કરવામાં આવશે તો કાલે કાયમી થશે તો કોની જવાબદારી રહેશે તે માટે ચીફ ઓફીસરશ્રી એ ભરતી નિયમોની અવગણના કરીને નોકરી રાખેલ છે તો તે અંગેની જવાબદારી નકકી કરીને કાર્યવાહી કરવી જોઈએ અને તેમને ભરતી રોજમદારીના નિયમોને અનુલક્ષીને ભરતી કરવી જોઈએ.

નગરપાલિકામાં વિસ્તાર શહેરમાં આવેલ શોપીગ સેન્ટરમાં નગરપાલિકાની દુકાનો ૧૧ માસના માટે આપેલ છે અને તે પણ ન.પાલિકા અધિનિયમ ૧૯૬૩ના હરાજીના નિયમોની અવગણના કરેલ છે અને નગરપાલિકાને હરાજીમાંથી ઉપજતી પાઘડીની રકમનું નુકશાન કરેલ છે અને હવે ભવિષ્યમાં ન.પાલિકામાં આવેલ મીલકતો કોઈ હરાજીથી લેશે નહી અને ન.પાલિકાને આર્થીક નુકશાન કરેલ છે માટે જવાબદારો સામે પગલા ભરવા જોઈએ જે મીલકતમાં ૧૧ માસનો ઠરાવ થયેલ નથી તે શોપીગ સેન્ટરમાં પણ ૧૧ માસના ભાડેથી આપેલ છે.

અમો એ ન.પાલિકાને પત્રથી લખેલ છે કે ખંભાત શહેરમાં કોઈ રોજગારી નથી આવક નથી નાગરીકોને આનંદ પ્રમોદ માટે બાગ અને દરીયા પર જે બંધાયેલ છે તે સામાન્ય જનતા ઉપયોગ કરી શકે અને નાના બાળકો આનંદ પ્રમોદ કરી શકે તે માટે પ્રવેશ ફી નાબુદ કરવી જોઈએ.

ખંભાત ન.પાલિકા શહેરમાં થતાં બાંધકામ માટે કોઈ એન્જીનીયર બાંધકામ

સમયે મુલાકાત લેતા નથી અને ખંભાત શહેરમાં થતાં કામો સરકારશ્રીના નિયમો મુજબ ટેન્ડરની પ્રક્રિયાથી થાય છે. તો બાંધકામ ખાતામાં આટલા રોજમદારોને નવ માસમાં રૂા. ૧૨,૫૬,૧૬૫/– રૂા. ચુકવાયેલ છે તો ટેન્ડરથી કામગીરી થતી હોય તો આ આર્થીક ભારણ રાખવાની જરૂર નથી.

તા.૧–૪–૨૦ થી ૩૧–૧૨–૨૦ સુધી નીચેની ખાતાકીય આવક થયેલ છે.

| | | રૂા. | |
|---|---|---|---|
| (૧) | ટેક્ષની આવક | ૪,૩૩,૬૧,૪૫૪ | આવક ૨૦–૨૧ ૭,૨૭,૬૦,૦૦૦ |
| (૨) | ભાડાની આવક | ૪૨,૦૩,૬૨૬ | આવક ૨૧–૨૨ |
| (૩) | ધર્મશાળાની આવક | ૧,૬૨,૭૫૦ | ૭,૬૫,૬૦,૦૦૦ |
| (૪) | મુકતી ધામની સામે | ૨,૨૯,૬૦૧ | મહેકમ ખર્ચ |
| | સ્મશાન લાકડા ૯,૩૨,૬૦૬ (નવ માસ ખર્ચ) | | ૫,૯૩,૯૨,૪૫૯ |
| (૫) | શોપ એસ્ટાબ્લીસ્ટ | ૩,૮૩,૯૪૦ | પાછલી |
| (૬) | મહેકમ સરકાર તરફથી | ૪૭,૯૮,૮૫૩ | ૨૮,૨૬,૪૧૯ અંદાજીત |
| | હોલની આવક | ૪૪,૭૫૦ | ૬૦,૦૦,૦૦૦ |
| (૭) | કેબલની આવક | ૧૭,૮૯,૬૦૬ | આમ અંદાજીત |
| (૮) | માદળા પ્રવેશ ફી | ૩૬,૦૭૫ | કાલ્પનીક દર્શાવેલ છે. |
| (૯) | દાન | ૬,૨૬,૫૫૪ | |
| (૧૦) | ઓકટ્રોય ગ્રાંટ | ૨,૬૧,૮૦,૩૭૦ | |

ઉપરોકત આવક જોતા, નગરપાલિકાએ શહેરમાં કોઈ રોજગાર છે નહી અને દરેક શોપીગ સેન્ટરમાં ગેસ્ટ હાઉસ બાંધેલ છે કુલ આવક નવ માસની ૧,૬૨,૭૫૦ જ છે તો તેની સામે ખર્ચ ઘણો વધારે છે તો શા માટે દરેક નવા શોપીગ સેન્ટરમાં ગેસ્ટ હાઉસ બાંધીને ન.પાલિકાને ખર્ચમાં નાંખેલ છે અને જે સેવા ન.પાલિકા મેટરનીટી હોમની સેવા બંધ કરેલ છે જેથી સામાન્ય વર્ગને આ સેવાથી વંચિત રહે છે તેથી તાત્કાલીક આ સેવા ચાલુ કરવી જોઈએ.

ખંભાતનાં પ્રાણ પ્રશ્ન "મીઠુ પાણી" આ અંગે છેલ્લા ૩૦ વર્ષથી પ્રયત્ન કરવામાં આવેલ છે પણ હજુ સુધી નાગરીકોને પીવા માટે મીઠુ પાણી આપી શકેલ નથી તે ખરેખર આ નગરપાલિકા અને સરકારની નાલેશી છે તો ચાલુ વર્ષે બજેટમાં કોઈપણ કામ ને પ્રાધાન્ય આપતા મીઠા પાણીને પ્રાધાન્ય આપી લોકોને આ ખારા પાણી, વધારે ટીડીએસ વાળા પાણીથી મુકિત આપવી તે માટે ગુ.સરકારશ્રી અને માનનીય ધારાસભ્યશ્રી ને સાથે રાખીને ચાલુ વર્ષ તે દિશામાં અગત્યનું કામ થાય તે માટે સઘળો પ્રયત્ન કરવામાં આવે અને તેમાં

અમારો સંપુર્ણ સાથ સહકાર રહેશે.

ચાલુ વર્ષના બજેટમાં યુવાનો માટે કોઈ આયોજન નથી તેમને પોતાના શરીરની તંદુરસ્તી રાખવા માટે ખંભાત શહેરમાં ન.પાલિકાની જગ્યામાં જીમની વ્યવસ્થા કરવી જોઈએ અને ઈન્ડોર ગેમ, ટેનીસ કોટ, ટેબલ ટેનીસ જેવી રમતો માટે આયોજન કરવું અને હાલ ટી.વી. કેન્દ્રની જગ્યાએ આયોજન કરવું.

ખંભાત ન.પાલિકા એકટ ૧૯૬૧ માં જે બજેટની જોગવાઈઓ છે કે બજેટ તૈયાર કરવા માટે વિવિધ વિભાગોની મીટીંગો કરીને તેમની આવક અને જાવકની વિગતોની ચર્ચા વિચારણા કરેલ નથી અને તેમની સાથે આ વિભાગો સાથે જે તે વિભાગના હેડ સાથે ચર્ચા કરીને બજેટ તૈયાર કરેલ નથી આ અંગેની કોઈપણ ચર્ચા કરેલ નથી અને મનઘડત બજેટ ગયા વર્ષના આંકડા મુકી થોડો સુધારો વધારો કરીને બનાવેલ છે તેથી ન.પાલિકાની વાસ્તવિક આવક જાવક દર્શાવતી નથી તેથી ન.પાલિકા ૧૯૨૦–૨૧ ની ખરેખર આવક અને જાવક કેટલી થશે તેનો સ્પષ્ટ ખ્યાલ આવી શકે તેમ નથી.

શહેરના ટ્રાફીકના પ્રશ્નો અને રસ્તા પહોળા જયાં ટ્રાફીક વધારે જામ થાય છે તે માટે કોઈ આયોજન કરેલ નથી એટલે કપાત કે કોઈ સ્કીમ લાવવામાં આવેલ નથી.

લાલ બાગના વિકાસ માટે કેમ થતી નથી.

ખંભાત શહેરમાં જયાં ટ્રાફીકનો પ્રશ્ન ઘણો જટીલ છે વોરવાડની ત્રણ બત્તીનો રોડ જેથી નાના વાહન ચાલકો અશોક લોજ થી ડો. સકીનાબેનના દવાખાનાથી મહંમદી પ્રેસથી એમ.ટી. હાઈસ્કુલના રોડેથી જાય છે તો આ રોડ છેલ્લા પાંચ વર્ષમાં નવો બન્યો નથી હાલ વાહન ચાલકો અને સીનીયર સીટીઝનોને ઘણી મુશ્કેલી પડે છે તો આ રોડ તાત્કાલીક કરવો જેથી નગરજનોને રાહત થાય.

પેન્શનરોનો જે હાઈકોર્ટમાં કેસ ચાલે છે તો જયારે ચુકાદો આવશે તો કેવી રીતે ચુકવવા તે માટે આયોજન કરેલ નથી.

સમગ્ર પણે સને. ૨૦૨૧–૨૨ ના અંદાજીત આવક અને ખર્ચના રૂપીયાના આંકડા સુચવેલ નથી અને જેથી ભવિષ્યમાં શહેરમાં નાગરીકોની આશયક સેવા અને સુખાકારી માટેનું શું આયોજન થઈ શકે તેનો ખ્યાલ આવી શકે તેમ નથી તેવી બજેટ વાસ્તવિક નથી ૨૦૨૦–૨૧ ના આંકડા જે અંદાજીત બજેટમાં હતા અને ખરેખર વાસ્તવિક આવક ઘણી ઓછી છે અને બજેટમાં અંદાજીત ખર્ચ કરતાં સને. ૨૦–૨૧ માં વાસ્તવિક ખર્ચ ન.પા. નિયમ ૧૯૬૩ અને પેટા કાયદા ૧૯૭૧ ને અનુલક્ષીને બજેટ બનાવેલ નથી તેથી આ બજેટનો વિરોધ કરવામાં આવે છે.

**સુધારા દરખાસ્ત પર મતદાન લેતા**

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | મુમતાઝબાનુ અરશીદ શેખ (પેઈન્ટર) | ૧ | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા |
| ૨ | શ્રી | દુધાભાઈ હિરાભાઈ રોહીત | ૨ | શ્રી | સુનીતાબેન રાજુભાઈ વાઘરી |
| ૩ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા | ૩ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય |
| ૪ | શ્રી | ધ્રુવકુમાર જીતુભાઈ પટેલ (અપ્પુ) | ૪ | શ્રી | તેજલબેન સાગરકુમાર સોલંકી |
| ૫ | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ | ૫ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ |
| ૬ | શ્રી | સાવજસિંહ અજીતસિંહ ગોહીલ | ૬ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા |
| ૭ | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા (પ્રકાશ) | ૭ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ |
| ૮ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા | ૮ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી |
| ૯ | શ્રી | નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ (ગેસવાળા) | ૯ | શ્રી | કનૈયાલાલ મફતભાઈ રાણા (કાનજીભાઈ) |
| ૧૦ | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક | ૧૦ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા |
| ૧૧ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા(પઠાણ) | ૧૧ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી |
| ૧૨ | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તારહુસેન યમની (વકીલ) | ૧૨ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા (રાજુભાઈ ભગત) |
| ૧૩ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ (ચંદનવાળા) | ૧૩ | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ |
| | | | ૧૪ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય |
| તટસ્થ | | | ૧૫ | શ્રી | દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર |
| ૧ | શ્રી | એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ (એઝાઝબાપુ) | ૧૬ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ (ભુપતભાઈ) |
| | | | ૧૭ | શ્રી | ગીતાબેન જતીનકુમાર રાણા |
| | | | ૧૮ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા |
| | | | ૧૯ | શ્રી | જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા (બાલ્યો) |
| | | | ૨૦ | શ્રી | શાંતિબેન ભુપતભાઈ માછી (ભજનવાળી) |

**સુધારા દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૧૩) તટસ્થમાં (૧) વિરૂધ્ધમાં (૨૦) મત પડતાં સુધારા દરખાસ્ત ના મંજુર થાય છે.**

**મુળ દરખાસ્ત પર મતદાન લેતા**

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | ૧ | શ્રી | મુમતાઝબાનુ અરશીદ શેખ (પેઈન્ટર) |
| ૨ | શ્રી | સુનીતાબેન રાજુભાઈ વાઘરી | ૨ | શ્રી | દુધાભાઈ હિરાભાઈ રોહીત |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય | ૩ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા |
| ૪ | શ્રી | તેજલબેન સાગરકુમાર સોલંકી | ૪ | શ્રી | ધ્રુવકુમાર જીતુભાઈ પટેલ (અપ્પુ) |
| ૫ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ | ૫ | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ |
| ૬ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા | ૬ | શ્રી | સાવજસિંહ અજીતસિંહ ગોહીલ |
| ૭ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ | ૭ | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા (પ્રકાશ) |
| ૮ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી | ૮ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા |
| ૯ | શ્રી | કનૈયાલાલ મફતભાઈ રાણા (કાનજીભાઈ) | ૯ | શ્રી | નીતીનભાઈ રૂધનાથજી બ્રહ્મભટ્ટ (ગેસવાળા) |
| ૧૦ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા | ૧૦ | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક |
| ૧૧ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી | ૧૧ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા(પઠાણ) |
| ૧૨ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા (રાજુભાઈ ભગત) | ૧૨ | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તારહુસેન યમની (વકીલ) |
| ૧૩ | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ | ૧૩ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ (ચંદનવાળા) |
| ૧૪ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય | | | |
| ૧૫ | શ્રી | દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર | | | તટસ્થ |
| ૧૬ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ (ભુપતભાઈ) | ૧ | શ્રી | એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ (એઝાઝબાપુ) |
| ૧૭ | શ્રી | ગીતાબેન જતીનકુમાર રાણા | | | |
| ૧૮ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા | | | |
| ૧૯ | શ્રી | જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા (બાલ્યો) | | | |
| ૨૦ | શ્રી | શાંતિબેન ભુપતભાઈ માછી (ભજનવાળી) | | | |

**મુળ દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૨૦) વિરૂધ્ધમાં (૧૩) અને તટસ્થમાં (૧) મત પડતાં મુળ દરખાસ્ત મંજુર થાય છે.**

**સહી. કામીની એચ. ગાંધી**

**પ્રમુખ**

**ખંભાત નગરપાલિકા, ખંભાત**